# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-02-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM-SOUL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં નિર્માણ પામનાર સ્કૂલ ઓફ અલ્ટિમેટ લીડરશીપ-SOULનું કેમ્પસ ભૂમિપૂજન કર્યું. SOULનું આ કેમ્પસ 22 એકરમાં અંદાજિત 150 કરોડ રૂપિયાના ખર્ચે બે વર્ષમાં નિર્માણ પામશે, જેમાં આરોગ્ય – શિક્ષણ - ગ્રામીણ વિકાસ અને સ્વચ્છતા સહિતના જાહેર ક્ષેત્રોમાં યોગદાન આપવા ઉત્સુક યુવાઓ માટે તાલીમ અભ્યાસક્રમો ઉપલબ્ધ થશે.

રાજકારણમાં પ્રવેશવાની ઇચ્છા ધરાવતા મહત્વાકાંક્ષી યુવાનોને તાલીમ આપવા તથા ભારતમાં શાસનના પ્રણાલીગત પડકારોનો સામનો કરીને નવી તકોના સર્જન માટે તેમને સશક્ત બનાવવાના હેતુથી આ સંસ્થા સ્થાપવમાં આવી છે. જે રાજકીય, સામાજિક અને જાહેર નીતિ – એમ મુખ્ય ત્રણ ક્ષેત્રોમાં નેતૃત્વ વિકાસ માટે સમર્પિત છે.

. . . . . . . . . . . .

## GANDHINAGAR TB CAMPAIGN

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં આજે 100 દિવસ ટી.બી. નિર્મૂલન ઝુંબેશ સમારોહ યોજાયો. આ સમારોહમાં શ્રી પટેલે જણાવ્યું કે ટી.બી. નિર્મૂલન ઝુંબેશથી 90 ટકા સફળતા મળી છે. શ્રી પટેલે ઉમેર્યું કે ટી.બી. નિર્મૂલન માટે સરકાર તરફથી પ્રોટીન યુક્ત આહારની કીટ અપાય છે.

(બાઇટ: ઋષિકેશ પટેલ – આરોગ્ય મંત્રી)

. . . . . . . . . . . .

# LOCAL BODIES ELECTION

16 ફેબ્રુઆરીનાં રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થશે. આ ચૂંટણીમાં કુલ 213 બેઠકો બિનહરીફ થતાં 5 હજાર 84 ઉમેદવારો ચૂંટણી લડશે. રાજ્ય ચૂંટણી આયોગની યાદીમાં જણાવ્યા પ્રમાણે સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી હેઠળના તમામ એકમો માટે કુલ 7 હજાર 36 ઉમેદવારી પત્રો રજૂ થાય હતા તે પૈકી 1 હજાર 261 અમાન્ય તેમજ 5 હજાર 775 ઉમેદવારી પત્રો માન્ય ઠર્યા છે અને 478 ઉમેદવારોએ ઉમેદવારી પત્રો પરત ખેંચ્યા છે.

રાજકોટ જિલ્લાની જેતપુર-નવાગઢ પાલિકાના 11 વોર્ડની 44 બેઠકો માટે 140 ઉમેદવારો મેદાનમાં છે. જ્યારે 1 લાખ 4 હજાર મતદારો નોંધાયા છે.

. . . . . . . . . . . .

# AMC BUDGET

અમદાવાદ મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના ચેરમેન દેવાંગ દાણીએ વર્ષ 2025-26 નું સુધારા સાથેનું અંદાજપત્ર રજૂ કર્યું. આ અંદાજપત્રમાં

એડવાન્સ ટેકસ ચુકવનારને 10 ટકાને બદલે 12 ટકા રીબેટ આપવાનો નિર્ણય લેવાયો છે. ઓનલાઇન પેમેન્ટ અને સળંગ ત્રણ વર્ષનો એડવાન્સ ટેક્સ ચૂક્યો હોય તે તમામને 15 ટકા જેટલું પ્રિબેટ અપાશે. જેનો અમલ આગામી નાણાકીય વર્ષ 2025- 26થી કરાશે.

ઉલ્લેખનીય છે કે મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારેસન દ્વારા 14 હજાર કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજૂ કરાયું, જ્યારે શાસક પક્ષ દ્વારા 1501 કરોડના વધારા સાથે 15 હજાર 502 કરોડ રૂપિયાનું અંદાજ પત્ર રજૂ કરાયું છે.

. . . . . . . . . . . .

# MAHAKUMBH SPECIAL TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા સાબરમતી-બનારસ વચ્ચે મહાકુંભ માટે વધુ એક વિશેષ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો છે. 22 ફેબ્રુઆરીના રોજ ટ્રેન 09453 સાબરમતીથી 11 કલાકે ઉપડશે અને બીજા દિવસે સાંજે 4 કલાકે બનારસ પહોંચશે. તેવી જ રીતે, 23 ફેબ્રુઆરીએ ટ્રેન નં. 09454 બનારસથી સાંજે સાડા સાત વાગ્યે ઉપડશે અને ત્રીજા દિવસે રાત્રે 1 વાગ્યે સાબરમતી પહોંચશે.

ટ્રેન નંબર 09453 નું બુકિંગ આવતીકાલથી બધા પીઆરએસ કાઉન્ટરો અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

. . . . . . . . . . . .

# BHAVNAGAR-HARIDWAR EXPRESS

કેન્દ્રીય મંત્રી નિમુ બાંભણીયા ભાવનગર-હરિદ્વાર દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનનો શુભારંભ કરાવ્યો. આ ટ્રેન દર ગુરૂવારે ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી રાત્રે 8.20 કલાકે ઉપડશે અને શનિવારે વહેલી સવારે 03.40 કલાકે હરિદ્વાર પહોંચશે. તેવી જ રીતે, દર શનિવારે વહેલી સવારે 5 કલાકે હરિદ્વારથી ઉપડશે અને રવિવારે બપોરે 12  કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે. ટ્રેનની ફ્રિકવન્સીમાં વધારો કરતાં મુસાફરોમાં ખુશી જોવા મળી.

. . . . . . . . . . . .

# KANDLA AAG

કંડલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં આજે સવારે દુર્ઘટના સર્જાઈ હતી. સેક્ટર-2માં આવેલી કપડાની ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હતી. જોકે આ ઘટનામાં સદનસીબે જાનહાનિ ટળી હતી.

. . . . . . . . . . . .

# ARAVALLI HANDBALL

અરવલ્લી જિલ્લામાં મધ્ય ઝોન કક્ષાની હેન્ડબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ થયો. આ સ્પર્ધામાં અરવલ્લી ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાની ટીમ જોડાઈ છે. આ અંગે મોડાસા નગરપાલિકાના પ્રમુખ નિરજ શેઠે વધુ માહિતી આપી.

(બાઈટ : નિરજ શેઠ, પ્રમુખ, મોડાસા નગરપાલિકા)

. . . . . . . . . . . .

# JUDO - SAURASHTRA UNI.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની જુડોની રમતવીર રીતુ વાજાએ ઉતરાખંડમાં ચાલી રહેલા ૩૪મા રાષ્ટ્રીય રમતોત્સવમાં જુડો માં રજત ચંદ્રક જીત્યો. ઉલ્લેખનીય છે આ રાષ્ટ્રીય રમતમાં ભારતભરની યુનિવર્સિટીઓના રમતવીરોએ ભાગ લીધો હતો. આ તકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો઼ફે.ઉત્પલ જોશી એ રીતુ વાજાની આ સિધ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

. . . . . . . . . . . .

# KAPAS AAVAK

મહેસાણા જિલ્લાના ઉનાવા માર્કેટ યાર્ડમાં કપાસની દૈનિક આવકમાં વધારો નોંધાઈ રહ્યો છે. આ ઉપરાંત કપાસનો ભાવ 1350 રૂપિયા સુધીનો જોવા મળ્યો. કપાસનો પોષણક્ષમ ભાવ મળતા ખેડૂતો વેચાણ માટે ઉનાવા માર્કેટ યાર્ડમાં આવી રહ્યા છે.

. . . . . . . . . . . .